GJLV010018752026

રજુ તારીખ : ૨૮.૦૭.૨૦૨૬
દાખલ તારીખ : ૨૮.૦૭.૨૦૨૬
નિકાલ તારીખ : ૧૭.૦૮.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૦

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૪૮૧/૨૦૨૬**

**આંક : ૦૫**

**અરજદાર :–** **સલમાન ઉર્ફે ભાભા દસ્તગીર રલીયા**
ઉ.વ.૩૦, ધંધો–મજૂરી,
રહે : રહેમતનગર, જી.ઈ.બી. સામે,
મુ.પો.તા.ગોધરા, જી.પંચમહાલ.

**વિરૂદ્ધ**

**સામાવાળા:–** **સરકારશ્રી**

**બાબત:–** **બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી એ.આઇ.પઠાણ** |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ.આર.ડામોર** |

**–: ઠ રા વ :–**

(૧) સદર અરજદાર વિરૂદ્ધ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૬૨૫૦૩૧૩/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૧૧૧(૨)બી, (૩), (૪) મુજબનાં ગુનાનાં કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૧૦.૦૫.૨૦૨૫ નાં રોજ નોંધાયા બાદ સદર ગુનાના કામે ચાર્જશીટ દાખલ થયેલ જેનો ક્રિમીનલ કેસ નં.૧૩૧૯/૨૦૨૫ પડેલ. ત્યારબાદ અરજદાર મજુરી અર્થે બહાર ગયેલ હોય મુદ્દતની જાણ ન થતા સદર કેસમાં અરજદાર સામે વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ, જેમાં અરજદાર સ્વેચ્છાએ તા.૨૦.૦૭.૨૦૨૬ નાં રોજ હાજર થયેલ અને અરજદાર તરફે તા.૨૦.૦૭.૨૦૨૬ નાં રોજ અરજી કરવામાં આવેલ જે અરજી તા.૨૨.૦૭.૨૦૨૬ નાં રોજ નામંજુર કરેલ ત્યારથી અરજદાર જયુડીશીયલ કસ્ટડીમાં છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર બાળબચ્ચાવાળા ઈસમ છે અને તેમનાં એકલા ઉપર તેમના આખા કુટુંબની ભરણપોષણની જવાબદારી છે. અરજદાર સામે ગુનાનું ચાર્જશીટ થઇ ગયેલ છે જેનો સેશન્સ કેસ નં.૫૫/૨૦૨૬ પડેલ છે અને અરજદાર મજૂરી કામે બહાર ગયેલ હોવાથી ગઈ મુદ્દતે તેમનાં વકિલશ્રીનો સંપર્ક કરી શકેલ નહી. જેથી અરજદારને મુદ્દતની જાણ ન થતાં અરજદાર ઉપર પકડ વોરંટ નિકળેલ તથા અરજદાર સ્વેચ્છાએ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે અને હવે પછીની તમામ મુદ્દતે નામદાર કોર્ટમાં હાજર રહેશે. વધુમાં રજુઆત કરેલ છે કે, સદર ગુનાના કામે કોઈ તપાસ બાકી રહેતી અને અરજદારે તપાસમાં પૂરતો સાથ સહકાર આપેલ છે. અરજદાર ગોધરા તાલુકાનાં કાયમી રહેવાસી છે અને મજૂરી કરી પોતાનાં પરીવારનું ગુજરાન ચલાવે છે અને કયાંય નાસીભાગી જાય તેમ નથી. અરજદાર નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે તથા દરેક મુદ્દતે નામદાર કોર્ટમાં હાજર રહેશે. જેથી અરજદારની હાલની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં અરજદાર તરફે તેમની અરજી સબબ નામદાર સુપ્રિમ કોર્ટનાં સંજય ચન્દ્રા વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનનાં ચુકાદા પર આધાર રાખેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિદ્વાન પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ એવી રજુઆત કરેલ છે કે, આ કામનાં અરજદાર નામદાર કોર્ટમાં મુદૃતે હાજર રહેલ ન હોય વોરંટ કાઢવામાં આવેલ છે. વધુમાં સદર ગુનાનાં આરોપી નં.૧ નાઓ કસ્ટડીમાં છે. અરજદાર ચાર્જક્રિમ માટે હાજર ન રહે તો ગુનાની ટ્રાયલ લંબાય તેમ હોય અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા તથા સેશન્સ કેસ નં.૫૫/૨૦૨૬ નું રેકર્ડ ધ્યાને લીધું.

(૬) હાલનાં કામે અરજદાર વિરૂદ્ધ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૬૨૫૦૩૧૩/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૧૧૧(૨)બી, (૩), (૪) મુજબનાં ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાનાં કામે અરજદાર વિરૂધ્ધ કમીટલ કોર્ટ દ્વારા અવાર નવાર બેલેબલ તથા પકડ વોરંટ કાઢવામાં આવેલ છતાં અરજદાર હાજર થયેલ ન હોય તથા અરજદાર વિરૂધ્ધનો કેસ કમીટ કરવાનો હોય, કમીટલ કોર્ટ દ્વારા અરજદારનાં જામીન નામંજુર કરવામાં આવેલ છે.

સદર ગુનાનાં કામે અરજદાર તથા આરોપી નં.૧ વિરૂધ્ધ ગુનાનું ચાર્જશીટ થઇ ગયેલ છે જે કેસ અત્રેની અદાલતમા કમીટ થઇ આવેલ છે જેનો સેશન્સ કેસ નં.૫૫/૨૦૨૬ પડેલ છે. સદર કેસ હાલ ચાર્જનાં સ્ટેજ પર ચાલી આવેલ છે. પરંતુ આ કામનાં આરોપી નં.૧ નાઓ યુ.ટી.પી. હોય અને તેમનાં તરફે પ્રાઈવેટ વકિલ રોકવા માટેની રજુઆત કરેલ છે.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં તથા આ કામનાં અરજદાર ગોધરાનાં રહેવાસી હોય નીચેની શરતોએ અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ અત્રેની અદાલતનું માનવું થતુ હોય ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

(૧) અરજદાર/આરોપી **સલમાન ઉર્ફે ભાભા દસ્તગીર રલીયા,** ઉ.વ.૩૦, ધંધો–મજૂરી, રહે : રહેમતનગર, જી.ઇ.બી. સામે, મુ.પો.તા.ગોધરા, જી.પંચમહાલ નાઓની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **ટ્રાયલ કોર્ટ** માં રજુ કર્યેથી લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૬૨૫૦૩૧૩/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૧૧૧(૨)બી, (૩), (૪) મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ હવેથી નિયમીત રીતે નામદાર કોર્ટમાં હાજર રહેવું તથા કેસની કાર્યવાહી ચલાવવામાં સંપૂર્ણ સાથ સહકાર આપવો.

હુકમ આજરોજ તારીખ ૧૭ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭.૦૮.૨૦૨૬
લુણાવાડા.

( **એમ.એન.ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી. મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

PMK